**રે.દી.મુ.નં.૨૬/૨૦૨૩**
**આંક ૦૫ લગત હુકમ.**

**૧)**વાદીપક્ષની આંક ૦૫ ની કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી,આંક ૦૪ના દસ્તાવેજી પુરાવા લીસ્ટ થી રજુ દસ્તાવેજી પુરાવા તથા રેકર્ડ વંચાણે લીધુ. વાદી તરફે વિ.વ.શ્રી ડી.સી.ઠકકર ને સાંભળ્યા.

**૨)** પ્રતિવાદી તેમના મુખત્યાર મારફત આ કામે હાજર થયેલ છે પરંતુ પુરતી તક આપવા છતાં જવાબ રજુ નહી કરતાં પ્રતિવાદીના જવાબ નો હકક બંધ કરવાનો હુકમ કરવામાં આવેલ છે.

**૩)** આ કામે,વાદીપક્ષ ની આંક ૦૫ ની કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી ના ન્યાયિક નિર્ણય સારુ નીચે મુજબ ના મુદ્દા ઉપસ્થિત થાય છે.

**<u>–: મુદ્દાઓ :–</u>**

૧) શું વાદીઓ નો પ્રથમ દર્શનીય કેસ છે ?

૨) શું સગવડતા અગવડતા ની સમતુલા વાદી પક્ષ ની તરફેણ માં છે ?

૩) શું માગ્યા મુજબ નો કામ ચલાઉ મનાઈ હુકમ ન આપવાથી વાદીઓ ને નાણાં થી ભરપાઈ ન થાય તેવુ નુકશાન થાય તેમ છે ?

૪) શું હુકમ ?

**૪)** ઉપરોકત મુદ્દાઓ નો મારો નિર્ણય કારણો સહિત નીચે મુજબ છે.

મુદ્દા નં.૧) નકાર માં,

મુદ્દા નં.૨) નકાર માં,

મુદ્દા નં.૩) નકાર માં,

મુદ્દા નં.૪) આખરી હુકમ મુજબ.

**<u>–: કારણો :–</u>**

**૫)** <u>આ કામે ઉપરોકત મુદ્દા નં.૧ થી ૩ એકબીજા સાથે આંતરીક રીતે સંકળાયેલ હોઈ ચર્ચાનું બિન જરૂરી પુનરાવર્તન ટાળવાના આશય થી ત્રણેય મુદ્દાઓ ની ચર્ચા એક સાથે કરવામાં આવેલ છે</u>.

**મુદ્દા નં.૧ થી ૩ સંયુકત :–**

**૬)** આ કામે વાદીપક્ષ ના દાવા તથા આંક ૦૫ ની કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજી ની હકીકતે જોવામાં આવે તો પ્રતિપાદીત કરેલ છે કે– મોજે ગામ મેમદાવાદ, તા.રાધનપુરની સીમના રે.સ.નં.૩૮૭ હે. ૦૪.૯૭.૭૭ ચો.મી. વાળી જમીન વાદીઓના પિતા તથા તેમના મૃત્યુ પછી વાદીઓના કબજા ભોગવટા

માં સને ૧૯૬૨–૬૩ થી આવેલ છે. આ જમીન ના પાણી પત્રક માં સને ૧૯૬૨–૬૩ થી ૧૯૮૦–૮૧ સુધી વાદીઓ ના પિતા નું નામ તથા તેમના મૃત્યુ પછી વાદીઓ નો વિના રોકટોક કબજો આવેલ છે.આ જમીન વર્ષો થી મહેનત કરી, મોટુ ખર્ચ કરી ખેડવા લાયક બનાવેલ છે અને હાલ માં વાદી ઓ આ જમીન માં વાવેતર કરે છે અને આ અંગે કોઈએ વાંધો લીધેલ ન હોવાનું પ્રતિપાદીત કરી આ મિલ્કતમાં વિરૂધ્ધ કબજા ની રૂઈએ વાદીઓ માલિક થયેલાનું જણાવી વધુ માં જણાવેલ છે કે, આ જમીન વાદીઓના કુટુંબના જીવન નીર્વાહ નો આધાર છે. પ્રતિવાદી આ જમીન નો કબજો બળજબરી થી પડાવી લે તો વાદીઓ ને ભુખે મરવાનો વારો આવે તેમ છે અને તેમ થાય તો વાદીઓને આર્થિક રીતે ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થાય તેમ છે. વાદી ઓ નો અનુક્રમે તેઓના પિતા ના સમય થી ૫૦ વર્ષ થી પ્રત્યક્ષ કબજો ભોગવટો હોવા છતાં પ્રતિવાદી ગેર કાયદેસર રીતે કબજો પડાવી લેવાની તજવીજ કરી રહેલ હોવાનું દાવા નું કારણ પ્રતિપાદીત કરી ડેકલેરેશન તથા કાયમી તાકીદ ની દાદ મેળવવા માંગણી કરેલ છે સાથે સાથ આંક–૫ થી કામચલાઉ મનાઈ હુકમ મેળવવા ની અરજ રજુ કરી, આ દાવાવાળી મિલ્કતના વાદીઓના પ્રત્યક્ષ કબજા ભોગવટામાં પ્રતિવાદી કે તેમના મળતીયા માણસો, નોકરો,એજન્ટો હરકત હેલો કરે કરાવે નહી કે તેનો વપરાશ કરતા રોકે રોકાવે નહી કે ખેતી કરતા અને ખેતી ના પાક લેતા રોકે રોકાવે નહી કે જતા આવતા રોકે રોકાવે નહી કે બળજબરીથી કાયદેસર ની કાર્ય વાહી કર્યા સિવાય કબજો પડાવી લે–લેવડાવે નહી, તેવી કામચલાઉ મનાઈ હુકમની દાદ મંજુર કરવા જણાવેલ છે.

**૭)** ઉપરોકત પેરા–૨ માં જણાવ્યા મુજબ આ કામે પ્રતિવાદીપક્ષ નો બચાવ રજુ થયેલ નથી. જેથી વાદી ના દાવા ના સમર્થન માં રજુ દસ્તાવેજી પુરાવો જોવામાં આવે તો આંક ૦૪ ના લીસ્ટ થી રજુ કરેલ દસ્તાવેજો પૈકી આ અરજ નિર્ણીત કરવા મહત્વ ધરાવતો દસ્તાવેજી પુરાવો જોવામાં આવે તો માર્ક ૪/૧ થી ગામના નમુના નં. ૭,૭ અ તથા ૧૨ ના ઉતારા જોતાં દાવાવાળી મિલકત સં.નં.૩૮૭ કબ્જેદાર તરીકે શ્રી સરકાર તથા ખેડુત તરીકે સને ૧૯૬૨–૬૩ ના વર્ષ થી સને ૧૯૭૪–૭૫ સુધી જુસબ રાસંગ યા ને વાદીઓ ના વડીલ ના નામે તથા સને ૧૯૭૬–૭૭ થી ૧૯૮૦–૮૧ સુધી વાદીઓ ના વડીલ ના નામે તથા સને ૧૯૮૧–૮૨ થી ૧૯૮૫–૮૬ સુધી વાદી નં.૧ ના નામે તથા સને ૧૯૮૬–૮૭ થી સને ૧૯૯૩–૯૪ સુધી વાદી નં.૩ ના નામે તથા સને ૧૯૯૪–૯૫ થી ૧૯૯૬–૯૭ સુધી વાદી નં.૧ તથા ૨ ના નામે તથા સને ૧૯૯૭–૯૮ થી ૨૦૦૩–૨૦૦૪ સુધી વાદી નં.૧ તથા ૨ ના નામે ચાલતી આવેલાનુ ફલીત થાય છે. પરંતુ માર્ક ૪/૨ થી રજુ વાદીઓએ કલેકટર શ્રી પાટણને ઉદદેશી ને કરેલ અરજી તા.૧૧/૦૨/૨૦૨૧ ની કોપી જોતાં દાવાવાળી જમીન રેગ્યુલારાઈઝ કરી સરકારી ધારા ધોરણ મુજબ વેચાણ આપવા માગણી કરેલાનુ ફલીત થાય છે. તે જ રીતે માર્ક ૪/૩ થી રજુ ગામ નો નમુનો નં.૭ તથા ૧૨ જોતાં દાવાવાળી મિલકત સરકારી પડતર હેડે ચાલતી હોવાનુ તથા માર્ક ૪/૪ થી રજુ ગામનો નમુનો નં.૮ અ નો ઉતારો જોતાં કબ્જેદાર શ્રી સરકાર તથા ખેતિ ઉપયોગી જણાવેલ

છે તે જ રીતે માર્ક ૪/૫ થી માર્ક ૪/૭ થી હકક પત્રક ની વિવિધ નોંધ રજુ છે તે જોતાં અન્ય સર્વે નંબર ની મિલકતો બાબતે છે તથા દાવાવાળા સર્વે નંબરમાં વાદીઓ કે વાદીઓના વડીલ નુ નામ જણાતુ નથી તદઉપરાંત માર્ક ૪/૮ થી રજુ હકકપત્રક ની નોંધ નં.૨૦૭૯ માં વાદીઓ કે વાદીઓના વડીલ નો ઉલ્લેખ ફલીત થતો નથી આમ દાવાવાવાળી મિલકત અનુક્રમે વાદીઓ ના વડીલ તથા વાદીઓના કબ્જે કયા હકકે આવેલ તે હકીકત દાવા માં પ્રતિપાદીત કરેલ નથી કે તે બાબત નો કોઈ દસ્તાવેજી પુરાવો પણ રજુ કરેલ નથી પરંતુ દાવાવાળી મિલકત અનુક્રમે વાદીઓના પિતા તથા તેમના મૃત્યુ પછી વાદીઓ ના કબજા ભોગવટા માં કોઈના વાંધા વિના વિના રોકટોક સને ૧૯૬૨–૬૩ થી એટલે કે ૫૦ વર્ષ થી પ્રત્યક્ષ કબજા ભોગવટા માં હોઈ દાવાવાવાળી મિલકત ઉપર વિરુધ્ધ કબ્જા ની રુઈએ માલીકી હકક બાબત ની ડેકલેરેશન દાદ તથા કાયમી તાકીદ ની દાદ મેળવવા માંગણી કરેલ છે પરંતુ વિરુધ્ધ કબ્જાથી વાદીઓએ દાવાવાળી મિલકત ઉપર હકક સંપાદીત કરેલાની હકીકત વાદીઓ એ પુરવાર કરવાની જરુરીયાત રહે છે આમ રજુ દસ્તાવેજી પુરાવો જોતાં વાદીપક્ષ નો કોઈ પ્રથમ દર્શનિય કેસ ફલીત થતો નથી. તે જ રીતે દાવાવાળી મિલકત સરકારી હેડે ચાલતી હોવાનુ ફલીત થાય છે તેવા સંજોગો માં સગવડતા અગવડતા ની સમતુલા પણ વાદીપક્ષની તરફેણ માં નહી પરંતુ પ્રતિવાદી ની તરફેણ માં હોવાનુ ફલીત થાય છે તથા આવા કીસ્સા માં દાવા માં પ્રતિપાદીત કરેલ હકીકત પુરવાર કરવાની જવાબ દારી દાવો લાવનાર ની છે. આમ વાદી પક્ષ નો કોઈ પ્રથમ દર્શનિય કેસ ફલીત થતો નથી તે જ રીતે કેસ ના સંજોગો જોતાં વાદીપક્ષની તરફેણ માં માગ્યા મુજબ ની કામ ચલાઉ મનાઈ હુકમ ની દાદ મંજુર કરવામાં ન આવે તો વાદીઓ ને નાણાં થી ભરપાઈ ન થઈ શકે તેવુ નુકશાન થાય તેમ જણાતુ ના હોઈ આમ વાદી પક્ષ મુદ્દા નં.૧ થીઉ પોતાની તરફેણ માં પ્રથમ દર્શનીય રીતે પ્રસ્થાપિત કરવામાં નિષ્ફળ જતા હોઈ રેકર્ડ ઉપર ના સંજોગો તથા હકીકત ધ્યાને લઈ મુદદા નં. ૧ થી ૩ નો નિર્ણય **નકાર માં** આપી મુદ્દા નં.૪ અંગે નીચે મુજબ આખરી હુકમ કરવામાં આવે છે.

**–: હુકમ :–**

**૧)** આથી વાદીપક્ષ ની આંક ૦૫ ની કામ ચલાઉ મનાઈ હુકમ મેળવવાની અરજ **"નામંજુર"** યા ને **"રદ"** કરવામાં આવે છે.

**૨)** સદરહુ અરજી નુ ખર્ચ દાવા ના આખરી પરિણામ ને અનુસરશે.

હુકમ તા.૧૮ મી ડીસેમ્બર સને ૨૦૨૫ ના રોજ ખુલ્લી અદાલત માં વાંચી સંભળાવી જાહેર કર્યો.

(દીલીપસિંહ માનસિંહ રાઠોડ)
પ્રિન્સીપાલ સીનીયર સીવીલ જજ, રાધનપુર
જી.જે.૦૦૭૪૨